# अद्वैतवेदान्तदृष्टया शिवतत्त्वविमर्शः

**ડૉ. અશોકકુમાર એલ. પટેલ**
**અધ્યક્ષ , (સંસ્કૃત વિભાગ)**
**અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વેડ રોડ, સુરત**

સમગ્ર વેદાન્તશાસ્ત્રમાં પરબ્રહ્મ એટલે ચૈતન્યનો ઓઘ (Reservoir of all energies) આ ચૈતન્યની શક્તિથી સમસ્ત વિશ્વનો અને કોટી બ્રહ્માડનો વ્યવહાર ચાલે છે.તેનું માત્ર ચૈતન્ય જ નથી પરંતુ સત અને આનંદરૂપ પણ છે.એવા બ્રહ્મનું સ્વરૂપ અને લક્ષણ સમજાવતાં શ્રુતિ ભગવતી કહે છે : यतो वा इमानीभूतानि जायन्ते येन जातानि जीवन्ति । यत् प्रायान्ति अभिसंविशन्ति तद् ब्रह्म ॥ ( तैत्तिरियोपनिषद्- ३/१ ) અર્થાત બ્રહ્માની સરખામણી કોઇની સાથે થઇ શકે એમ જ નથી. એવું શુદ્ધ ચૈતન્ય પરાત્પર બ્રહ્મ જ્યારે માયાના તમોગુણનો સ્વીકાર કરે અગર તો શુદ્ધ ચૈતન્ય પરાત્પર બ્રહ્મમાં જ્યારે માયાનો તમોગુણ પ્રધાનપણે પ્રગટ થાય છે ત્યારે તે માયાવચ્છિન્ન ચૈતન્ય એટલે કે ઇશ્વરને આપણાં શાસ્ત્રગ્રંથોએ 'મહેશ', 'શંકર', કે 'શિવ' એવું નામ આપ્યું છે.અને તે જગતમાં લયનું કામ કરે છે.

આ ઇશ્વર એટલે શુદ્ધ **બ્રહ્મ + માયા = 'ઇશ્વર'** અર્થાત એકલા પુરુષને પુરુષ કહેવાય, એકલી સ્ત્રીને સ્ત્રી કહેવાય પણ બન્નેનો સંયોગ થાય ત્યારે તે બન્ને માટે એક જ શબ્દ વાપરવાનો હોય તો તે 'દંપતિ' શબ્દ છે તેમ આ 'ઇશ્વર' (માયાવચ્છિન્ન ચૈતન્ય) જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું આદિ કારણ (નિમિત્ત કારણ તેમજ ઉપાદાન કારણ) મનાય છે.

વેદાન્તમાં માયાવચ્છિન્ન ચૈતન્ય એટલે કે ઇશ્વરને આપણાં શાસ્ત્રગ્રંથોએ 'બ્રહ્મા', એવું નામ આપ્યું છે.અને તે જગતના નિર્માણનું કાર્ય કરે છે.આ ઇશ્વરને શાસ્ત્રોએ બીજુ પણ નામ આપ્યું છે જેમ કે, 'વિષ્ણું' જે આ જગતની સ્થિતિ,સંરક્ષણનું કાર્ય કરે છે. અને તેના વિવિધ અવતારોની પણ પરંપરા રહી છે. આમ બ્રહ્મા-વિષ્ણું-મહેશ (शिव) એ એક જ ઇશ્વરનાં જુદા જુદા નામ છે ,બાકી ખરા અર્થમાં તો ત્રણેય શુદ્ધ ચૈતન્ય પરાત્પર બ્રહ્મ જ છે. અને તે જગતની ઉત્પત્તિના અધિષ્ઠાતા છે. (Head of Production)

સત્ય હકીકત એ છે કે બ્રહ્મ,આત્મા,પરમાત્મા,ઇશ્વર,શિવ,વિષ્ણું વગેરે શબ્દો શાંકરવેદાન્તમાં સમાન અર્થમાં જ વપરાયા છે. બ્રહ્મ સિવાય કશું તત્ત્વ (अपर) છે જ નહિ. પરબ્રહ્મ જ પરમેશ્વર છે. ઇશ્વર અર્થાત શિવ એ શાશ્વત અને નિત્ય સત છે. 'બ્રહ્મસૂત્રશાંકર ભાષ્ય ૨-૪-૨૦ ના સંદર્ભે જોતા આ બાબત કોઇ શંકા રહેતી નથી.

સુખ,દુઃખનો ભોક્તા તો દેહ છે. પરંતુ મોહવશ આત્મા 'હું દેહ છું' એમ માની પોતે કર્તા-ભોક્તા બની જાય છે. અને તેથી તે જીવ કહેવાય છે. આત્મા જો આ ભ્રમરૂપ દેહાધ્યાસ છોડી દે, તો શિવસ્વરૂપ-ઇશ્વરરૂપ તો તે સ્વભાવે જ છે. જેમ કે,–

ङ्क कर्ता भोक्ता देहमे यही जीवका रुप ।

जब आप कर्ता नहि केवल शिवस्वरुप ।। "

જીવ અને ઇશ્વરનો સંબંધની ચર્ચા કરતા વેદાન્તદર્શન કહે છે : જીવ એ અલ્પજ્ઞ છે જ્યારે ઇશ્વર સર્વજ્ઞ છે.જીવ અણુંરૂપ છે, જ્યારે ઇશ્વર (शिव) સર્વવ્યાપક છે.ટૂંકમાં કહીયે તો જીવ જો બિન્દુરૂપ છે તો ઇશ્વર સિન્ધુરૂપ છે.

પ્રાશ્ચાત્ય સંસ્કૃતિ અને અંગ્રેજોએ બ્રહ્મા-વિષ્ણું-મહેશ આ ત્રણેય ઇશ્વરને માટે એક જ શબ્દ નો પ્રયોગ આદર્યો છે- 'God' (ગોડ) અર્થાત 'G' =Generator, 'O' = Operator and 'D'=Directors અર્થાત આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના સંચાલકો એટલે God (ઇશ્વર) એમ કહે છે.

શુદ્ધ ચૈતન્ય પરાત્પર બ્રહ્મ જ માયાવચ્છિન્ન ચૈતન્ય ઇશ્વર બને છે. અને તે જ ઇશ્વર તેમના જુદા-જુદા કાર્યક્ષેત્રના હિસાબે બ્રહ્મા-વિષ્ણું-મહેશ એવા જુદા-જુદા નામથી બોલાય છે, બાકી તત્ત્વે કરીને તો તે માત્ર સત શુદ્ધ બ્રહ્મ જ વિલસી રહેલ છે. તેથી જ કહેવાયું છે કે, 'एकं सत् विप्राः बहुधा वदन्ति'

એક લોકભોગ્ય ગમ્મતનો રમુજી સંવાદ મુજબ એક વાર ભગવાન શિવના લગ્ન પ્રસંગે ચોરીના હસ્તમેળાપ વખતે ગૌર મહારાજે ભગવાન શિવને ગોત્રોચ્ચાર કરવા જણાવ્યું. અર્થાત તમે કયા ગોત્રના છો ? તમારા પિતા દાદા અને વડદાદાનું નામ શું છે તે બોલો એમ કહ્યું, ભગવાન શિવ મુંઝાયા અને મનમાં વિચારમાં પડી ગયા કે 'મારે વળી પિતા ક્વા' ? હું તો અજન્મા છું , સ્વયંભૂ છું , મારો કોઇ પિતા ક્યાંથી હોય ? બીજી બાજુ નારદ ભગવાન શિવ સાથે અણવર તરીકે બેઠેલા; તેમણે વિચારમાં પડેલા ભગવાન શિવને ગમ્મત કરતા કહ્યું : અહીં તમારે પિતાનું નામ બતાવવું જ પડશે નહિતર પરણ્યા વગરના રહી જશો.તેથી ધીમેથી કહી દો કે મારા પિતાનું નામ બ્રહ્મા છે અને શિવજીએ તે પ્રમાણે કર્યું, અને ફરી ગૌર મહારાજે બીજો પ્રશ્ન પૂછયો- બ્રહ્માના પિતાનું નામ આપો ત્યારે નારદજીએ જ જવાબ આપી દિધો કે બ્રહ્માના પિતાનું નામ

'વિષ્ણું'. ફરી ગૌર મહારાજે ત્રીજો પ્રશ્ન પુછયો - વિષ્ણું ભગવાનના પિતાનું નામ શું છે ? શિવજી અકળાયા અને જવાબ આપ્યો વિષ્ણુંના પિતાનું નામ શંકર.આમ ઉપરોક્ત

રમુજી સંવાદ પરથી પણ અંતે તો શંકર ( शिव ) એ જ પરબ્રહ્મ છે એવું પણ ધાર્મિક રીતે માનવામાં આવે છે.પરંતુ અહીં અસલમાં તો બ્રહ્મા,વિષ્ણું અને મહેશ-ત્રણેય એક જ સત-ચિત-આનંદ પરાત્પર બ્રહ્મનાં જ સ્વરૂપો છે તેમાં ભેદ નથી તેમ છતાં 'બ્રહ્મપુરાણ'માં બ્રહ્માને સૌથી મોટા અને 'શિવપુરાણ'માં ભગવાન શિવને સૌથી મોટા ગણાવ્યાછે, કારણ કે ઇન્દ્દેવ પ્રત્યેની પોતાની એકાન્તિક ભક્તિ અને શ્રદ્ધનો અતિરેક છે. ઉપરોક્ત ચર્ચાને સમર્થન આપવા માટે 'શિવમહિમ્નસ્ત્રોત્ર'માં પુષ્પદંત કહે છે

" तवैश्वर्यं यत्तज्जगदुदयरक्षापलयकृत
त्रयीवस्तु व्यस्तं तिसृषु गुणाभिन्नासु तनुषु ।
अभव्यानामस्मिन्वरद ! रमणीयामरमणीं
विहन्तुं व्याक्रोशी विदधत इहैके जडधियः ।। "

(હે વરદાન આપનાર મહાદેવ ! જગતની ઉત્પત્તિ સ્થિતિ અને વિનાશ કરનાર ત્રણેય વેદોએ યથાર્થ રીતે પ્રતિપાદિત કરેલ,અને સત્વ-રજસ અને તમસ એ ગુણોથી ભિન્ન એવાં ત્રણ શરીરોમાં વહેંચાયેલું જે તમારું ઐશ્વર્ય છે,તેનું ખંડન કરવા આ જગતમાં કેટલાક મંદ બુદ્ધિવાળા લોકો અસુંદર હોવા છતાં

પણ શુદ્દ બુદ્ધિવાળાઓને સુંદર લાગતી નિંદાથી ભરેલી વાણી બોલે છે. ) અર્થાત અહીં પરમાત્મા શિવસ્વરૂપનું વર્ણન છે.આરંભ પહેલાં પરબ્રહ્મ શિવ એકમાત્ર અસ્તિત્વ ધરાવતુ હતું. પરમાત્મા શિવની શક્તિ જ જગતનું નિર્માણ,સ્થિતિ અને વિનાશ (લય) કરે છે.

પુરાણ કથાનુસાર પણ એક વાર બ્રહ્મા અને વિષ્ણું વચ્ચે શ્રેષ્ઠતાની બાબતે વાદ-વિવાદ થયો : ત્યારે એક અલૌકિક તેજોમય લિંગ પ્રગટ થયું એ જોઇને બન્ને આશ્ચર્ય પામ્યા. વિષ્ણું એ કહ્યુ કે હે બ્રહ્મા ! આ લિંગનો અંત જોવા માટે હંસનું રૂપ લઇ ઉંચે આકાશમાં જઇ આવો અને હું વરાહરૂપ ધારણ કરી નીચે પાતાળમાં જઇ આવું, આમ બન્નેએ હજાર વર્ષ સુધી પ્રયાસ કર્યો, પરંતુ બન્નેને અંત પ્રાપ્ત થયો નહીં થાકીને અંતે તેજોમય લિંગને નમસ્કાર કરી શિવની સ્તુતિ કરી, ભગવાન શિવજીનો સાક્ષાત્કાર થયો. આમ પરમ તત્ત્વ એજ શિવતત્ત્વ છે એમ કહી શકાય.

શ્રીમદ ભાગવતાચાર્ય **'श्रीमदभागवद'** ના ચોથા સ્કંદમાં સાતમાં અધ્યાયમાં દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં પરમાત્મા (બ્રહ્મ) વિષ્ણુરૂપે પ્રગટ થાય છે અને સ્પષ્ટ ખુલાસો કરે છે કે બ્રહ્મા-વિષ્ણું-મહેશ એક જ બ્રહ્મનાં ત્રણ સ્વરૂપ છે.

પુષ્પદંત 'શિવમહિમ્ન' સ્ત્રોત્રમાં કહે છે-

**"महेशान्नापरो देवो महिम्नो नापरा स्तुतिः ।**

**अघोरान्नापरो मंत्रो नास्ति तत्त्वं गुरोः परम् ॥ "**( શિવ.શ્લોક-૩૫)

(અર્થાત મહેશથી બીજો કોઇ દેવ નથી,અને મહિમ્નથી શ્રેષ્ઠ બીજી કોઇ સ્તુતિ નથી.તેમજ અઘોર મંત્રથી શ્રેષ્ઠ બીજો કોઇ મંત્ર નથી અને ગુરુથી શ્રેષ્ઠ બીજુ કોઇ તત્ત્વ નથી.)

ભગવાન શિવનાં મુખ્ય ચાર સ્વરૂપોનો ઉલ્લેખ કરતાં સ્તોત્રકાર કહે છે- સત્વ,રજસ અને તમસ એ પ્રકૃતિના ગુણો છે. પરમ શિવને જ્યારે પ્રકૃતિનો સંગ કરે ત્યારે આ ત્રણ ગુણોનું કાર્ય શરૂ થાય છે. જ્યારે પરમ શિવની પ્રકૃતિમાં રજોગુણનું પ્રમાણ અધિક થાય ત્યારે સૃષ્ટિનું સર્જન થાય છે. સર્વનું સર્જન કરનાર બ્રહ્મા તેથી જ રજોગુણની મૂર્તિ કહેવાય છે.આ બ્રહ્મા એ પરમાત્મા શિવનું જ રજોગુણ પ્રધાન સ્વરૂપ છે એ સ્વરૂપ 'ભવ' નામથી ઓળખાય છે. જ્યારે સત્ત્વગુણ પ્રધાન એવું સૃષ્ટિનું પાલક તત્ત્વ તે વિષ્ણું છે, પદાર્થનો વિલય (લય) કરવાની કઠોરતા ધારણ કરનાર એ તમોગુણ છે. જે ઇશતત્ત્વ સઘળું હરી લે છે. માટે તે **'હર'**સ્વરૂપે ઓળખાય છે. આ ત્રણ સ્વરૂપ ઉપરાંત એક ચતુર્થ શિવનું સ્વરૂપ જે 'ત્રિગુણાતીત' છે, જે પરમ કલ્યાણકારી છે, જે મોક્ષ પ્રાપ્તિ કરાવે છે. વેદાન્ત પણ અંતે તો મોક્ષપ્રાપ્તિનો જ માર્ગ બતાવે છે, તેથી શિવ પણ કલ્યાણના અર્થમાં જ પ્રયોજાય છે.